# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાઠિયાવાડી પરંપરા મુજબ થતી સ્વાગત વિધિથી હોકી અને સ્વિમિંગ સ્પર્ધકો ખુશખુશાલ....

•••••••••••

## વિવિધ રાજ્યોના સ્વિમિંગ સ્પર્ધકો અને ટીમોનું સ્વાગત કરતા મેયરશ્રી ડો. પ્રદીપ ડવ અને મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરા

•••••••••

તા. ૦૧/૧૦/૨૦૨૨



તા. ૨૯-સપ્ટેમ્બર થી તા. ૧૨ ઓક્ટોબર દરમ્યાન ગુજરાતમાં યોજાનાર ૩૬મી નેશનલ ગેઇમ્સ ગુજરાત-૨૦૨૨ની હોકી અને સ્વિમિંગની સ્પર્ધાઓ રાજકોટના યજમાન પદ હેઠળ તા.૨ થી ૧૧ ઓકટોબર દરમિયાન યોજાનાર છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ રાષ્ટ્રીય ઈવેન્ટ્સ યાદગાર અને શાનદાર બની રહે તે માટે વિવિધ આયોજનો અંતર્ગત તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. દેશના જુદાજુદા રાજ્યોમાંથી આવતા અને રાજકોટના મહેમાન બની રહેલા ખેલાડીઓની રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાઠિયાવાડી પરંપરા મુજબ થતી સ્વાગત વિધિથી હોકી અને સ્વિમિંગ સ્પર્ધકોએ ખૂબ જ ખુશી અનુભવી હતી. દરમ્યાન આજે તા.૦૧/૧૦/૨૦૨૨ના રોજ બપોરે રેલવે જંકશન ખાતે આવી પહોંચેલા પંજાબ , ઝારખંડ, બિહાર અને પશ્ચિમ બંગાળના સ્વિમિંગ ઇવેન્ટ્સના ખેલાડીઓનું મેયરશ્રી ડો. પ્રદીપ ડવ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરાએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત ઢોલ નગારા સાથે ખેલાડીઓનું કાઠિયાવાડી પરંપરા અનુસાર તિલક કરીને હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

(પી.એ. ટુ મેયર)
રાજકોટ મહાનગરપાલિકા